# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**

**CIN:U40102GJ2003SGC042908**


પીજીવીસીએલ/સીજીઆરએફ/૮૪/ક્વા-૦૪/૨૦૨૦-૨૧/૧૩૫ તા.૨૦.૦૪.૨૦૨૧

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૮૪/ક્વા-૦૪/૨૦૨૦-૨૧**

અરજદાર: શ્રી રામાણી ભીખુભાઈ હરજીભાઈ ગામ – શોભાવડલા(લશ્કર)

સબડીવીઝન: વિસાવદર-૧

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી જુનાગઢ ગ્રામ્ય-૧

**:: કોરમ ::**

૧) ચેરપર્સન : શ્રી બી.પી.બુચ

૨) મેમ્બર સ્વતંત્ર : શ્રી એન.એસ.પંડયા

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જુનાગઢ

તારીખ: શુક્રવાર (૨૬.૦૨.૨૦૨૧)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૬.૦૨.૨૦૨૧ (શુક્રવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

**:: અરજદારની રજૂઆત ::**

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે અમો શોભાવડલા(લશ્કર) ગામમાં ખેતીવાડી કનેક્શન ધરાવીએ છીએ.

જેમાં હાલ ૧૧ કે.વી. H.V.D..S. ની સ્કીમ ચાલુ છે. જેમાં તેનું સર્વે કરવા આપના અધિકારીઓ અમારા ખેતરે આવેલ હતા જેથી અમોને હાલ ૧૭.૫ H..P નું વિજકનેકશન છે અને 63 H.P. નું T.C. અમારા ખેતર પર બે વ્યક્તિને ગ્રુપમાં હતું જેમાં બીજા વ્યક્તિને પ્રાઈવેટ T.C. કરી આપેલ છે

અમોને જ્યાંથી 11 K.V. લાઇન આવે છે ત્યાંથી અમોને ગ્રુપમાં T.C. કરી આપવા જણાવેલ પરંતુ અમોને તેઓની સાથે બોલવાનો પણ વ્યવહાર નથી જેના કારણે અમોને ભવિષ્યમાં ખુબ જ તકલીફ પડે તેમ હોય જેથી અમોને અમારા ખેતરમાં જે પ્રાઈવેટ T.C. આવિલ છે તે તેમજ રાખવા અમારી નમ્ર વિનંતી જેથી સદર સ્થળ તપાસ કરી યોગ્ય કરી આપવા વિનંતી. અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 ઉપરોક્ત અરજદારશ્રી થી વિસાવદર તાલુકાનાં શોભાવડલા (લશ્કર) ગામના ભીખુભઈ હરજીભાઇ રામાણી દ્વારા પોતાના ખેતીવાડી વીજ જોડાણ માટે H.V.D.S. સ્કીમમાં અલગથી ટ્રાન્સફોર્મર આપવા બાબતની રજૂઆત ઉપરોક્ત સંદર્ભ-૧ ના પત્ર મુજબ ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં કરેલ છે. જે અંગે નાયબ ઇજનેર, વિસાવદર-૧ તરફથી અહેવાલ મંગાવતા, તે મુજબ સદર કેઇસ ની વિગતવાર માહિતી નીચે મુજબ છે.

3.૧ અત્રેની કચેરીના કાર્યક્ષેત્ર નીચે આવતા વિસાવદર-૧ સડી હેઠળના ૧૧કે.વી. કાનાવડલા ખેતીવાડી ફીડર નું H.V.D.S. નું કામ ચાલુ છે. આ ૧૧કે.વી. કાનાવડલા ખેતીવાડી ફીડરમાથી પાવર સપ્લાય મેળવતા શ્રી ભીખુભાઈ હીરજીભાઇ રામાણીના H.V.D.S. ના કામ અંગે તેઓએ પોતે વાંધો ઉઠાવતા અત્રેની કચેરી દ્વારા તારીખ ૦૨.૧૨.૨૦૨૦ ના રોજ ગ્રાહકને સાથે રાખી રોજકામ કરવામાં આવેલ. સ્થળ તપાસ દરમિયાન ગ્રાહકનું ચાલુ વીજ જોડાણ એક ૬૩ કેવિએના ટીસી ઉપર આવેલ છે. આ ૬૩ કેવિએના ટીસીમાથી નીકળતી હળવા દબાણ ની વીજ લાઈન અન્ય બીજા ગ્રાહક શ્રી લાભૂબેન લાલજીભાઈ સતાસિયાના ખેતીવાડી વીજ જોડાણ ગ્રાહક નં ૩૫૯૪૩/૦૦૪૧૨/૨ બાજુ પણ જાય છે. જે વીજ જોડાણમાં H.V.D.S.નું કામ પૂર્ણ થયેલ છે, જ્યારે બીજી લાઇન શ્રી ભીખુભાઈ હીરજીભાઇ રામાણીના વીજ જોડાણ ગ્રાહક નં ૩૫૯૪૩/૦૦૩૨૮/૨ બાજુ જાય છે. પરંતુ આ વીજ જોડાણની બાજુમાંજ, આશરે ફક્ત ૦૯ (નવ) મીટર દૂર, એક ૧૧ કેવી કાનાવડલા ખેતીવાડી ફીડર નું જ ૨૫ કેવીએનું વીજ ટ્રાન્સફોર્મર ખેતીવાડી ગ્રાહક શ્રી સવજીભાઇ હિરજીભાઇ રામાણી ગ્રાહક નં ૩૫૯૪૩/૦૦૬૪૯/૪ નું ઊભું છે. આથી આ વીજ ટ્રાન્સફોરમરને ૨૫ કેવીએ થી ૬૩ કેવીએનું ટી.સી. કરીને આ શ્રી ભીખુભાઈ હરજીભાઇ રામાણી ને વીજ જોડાણ આપવાનું છે. પરંતુ શ્રી ભીખુભાઈ હીરજીભાઇ રામાણીને તે સામે વાંધો છે તેઓને તેઓના ખેતીવાડી વીજ જોડાણ માટે અલગથી ૨૫ કેવીએનું વીજ જોડાણ ઊભું કરાવવું છે. જે કંપની ના નિયમ અનુસાર આપી શકાય તેમ ન હોય તેઓએ આ કામગીરી સામે વાંધા અરજી આપી ગ્રાહક તકરાર ફોરમમાં અરજી કરેલ છે.

## :: હુકમ ::

૪.0 અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર બાબતે પીજીવીસીએલ કંપની દ્વારા તાંત્રિક સવલત ન હોવાથી અરજદાર શ્રી ની રજુઆત માન્ય રાખી શકાય નહીં.

૪.૨ તો તે મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.3 આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી બી.પી.બુચ |
| સ્વતંત્ર સભ્ય | ચેરપર્સન |

**નોંધ:-**

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-30 માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯